# મૃતકકર્મીઓના આશ્રિતો નાણાંકીય સહાય માટે એક વર્ષ સુધી અરજી કરી શકશે

ગાંધીનગર, તા.૨૪

રાજ્ય સરકારમાં ચાલુ નોકરી-સેવા દરમ્યાન અવસાન પામતા વર્ગ-૩-૪ના કર્મયોગીઓના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટેની અરજી કરવાની સમયમર્યાદા ૬ માસથી વધારી એક વર્ષની કરવામાં આવી છે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આવા કર્મયોગીઓના આશ્રિતોને મોટી રાહત આપતો આ સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે.

રાજ્ય સેવાના વર્ગ-૩ અને ૪ ના સરકારી કર્મચારી ચાલુ નોકરી-સેવા દરમ્યાન અવસાન પામે તો તેમના આશ્રિતને અગાઉ રહેમરાહે નિમણૂંક આપવામાં આવતી હતી.

રાજ્ય સરકારે ૨૦૧૧થી આવી નિમણૂંકના વિકલ્પે ઉચ્ચક નાણાંકીય સહાય આવા દિવંગત કર્મચારીઓના આશ્રિતને આપવાનો અભિગમ અપનાવેલો છે.


તદઅનુસાર, સરકારી કર્મચારીના અવસાન બાદ કુટુંબના આશ્રિતે ૬ મહિનામાં આ સહાય મેળવવા માટે અરજી કરવાની હોય છે.

મુખ્યમંત્રીશ્રી સમક્ષ એવી રજૂઆતો આવી હતી કે આવા કર્મચારીના અવસાન બાદ સામાજિક રીત-રિવાજો, પરિવારની માનસિક હાલત, આશ્રિતોને નિયમોની જાણકારીના અભાવ વગેરેને કારણે જરૂરી રેકર્ડ/દસ્તાવેજ એકત્ર કરવામાં સમય જતો હોય છે.

મુખ્યમંત્રીશ્રીએ આ રજૂઆતો પ્રત્યે સંવેદના દર્શાવી આવા સંજોગોમાં દિવંગત કર્મચારીના આશ્રિતોને ઉચ્ચક નાણાંકીય સહાય મેળવવા માટે સરકારમાં કરવાની થતી અરજીનો સમય ૬ માસથી વધારી ૧૨ માસ એટલે કે ૧ વર્ષ કરવાનો નિર્ણય કર્યો છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




સાહેબ, તમે આમને આપેલી ઈમ્યુનિટી વધારવાની દવાનો ડોઝ મહેરબાની કરીને ઓછો કરો... મારી સાથે આખો દિવસ ઝગડ-ઝગડ કરે છે...!!!

## ચિલોડા પોલીસ દ્વારા હોમ કવોરન્ટાઈનનો ભંગ કરનાર દર્દી સામે ફરીયાદ દાખલ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક આવેલા દોલારાણા વાસણા ગામે હોમ કવોરન્ટાઈનનો ભંગ કરનાર સામે પોલીસ મથકે ગુનો નોંધાયો છે. ગતતા.૧૭ જુલાઈના રોજ કાળી ટેકરીવાળા વાસમાં રહેતા વિજયસિંહ પોપટજી રાઠોડને કોરોના પોઝીટીવ આવ્યો હતો. અને ૧૮ જુલાઈના રોજ તેમને ગાંધીનગર સિવિલમાં સારવાર બાદ રજા આપી દેવાઈ હતી. તેઓને હોમ કવોરન્ટાઈન કરાયા હોવાથી ચેક કવા માટે પોલીસ પહોંચી હતી. ત્યારે તે ઘરે મળી આવ્યા ન હતા.

ઘરે હાજર તેની માતાને પુછતા દિકરો વિજયસિંહ કોઈ કામે બહાર ગયો હોવાનું જણાવ્યું હતું. જયારે બીજીતરફ ઘરની બહાર લગાડેલુ કવોરન્ટાઈનનું બોર્ડ પણ ઉખાડી ફેંકી દીધુ હતું. જેથી ચિલોડા પોલીસે વિજયસિંહ પોપટજી રાઠોડ સામે જાહેરનામા ભંગ બદલ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



રીક્ષામાં માણસો મુસાફરી કરે, તેનો લોડીંગ રીક્ષા તરીકે ઉપયોગ ન કરાય તે આમને કોણ સમજાવે. પૈસા બચાવવા રીક્ષા સાથે લારી બાંધીને લઈ જતા આ શખ્સો અન્ય વાહનો માટે જોખમ ઉભું કરી રહ્યા છે. રસ્તા પરથી પસાર થતાં વાહનચાલકો પણ આવા કરતબ જોઈ ઘબરાઈ રહ્યાં છે.

## ખૂણેખાંચરેથી

- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમીત ચાવડા આજે જિલ્લાના પ્રવાસે હતા અને તેમણે ચુનંદા કોંગી કાર્યકરો સાથે બેઠક કરી હતી.
- ગાંધીનગર મહાનગર પાલિકાની ઢોર પકડ પાર્ટીએ આજે સવારે ૬ થી વધુ પશુઓ જે રોડ પર રખડતા હતા તેને પકડ્યા હતા.
- ગાંધીનગર મહાનગર પાલિકામાં ચાર સ્થાનો પર ખાસ સેનીટાઈઝર મશીનો લગાવ્યા છે.
- ગાંધીનગર જિલ્લામાં કોવિડ-૧૯ની સ્થિતિ અંગે પ્રભારી સચિવ સુશ્રી સુનયના તોમરે આજે કલેકટર, કમિશનર, ડી.ડી.ઓ., સિવિલ સુપ્રિટેન્ડન્ટ અને એસ.પી. સાથે ખાસ બેઠક કરી સમીક્ષા કરી હતી.
- રાજ્ય સરકારે ગુજરાત વહીવટીય સેવાના અધિકારીઓની બદલી-બઢતીના હુકમો કર્યા હતા.
- ચોમાસાને પગલે મોર્નિંગ વોકર્સની સંખ્યામાં પણ ઘટાડો થયો છે તેમજ આ મોર્નિંગ વોકર્સ દરમ્યાન ગરમ જ્યુસ જે પીતા હતા તેમની ઘરાકીમાં પણ પવિત્ર શ્રાવણને પગલે ઘટાડો થયો છે.
- ભાદરવી પૂનમના દિવસે અંબાજી માતાના મંદિરના આરતી તેમજ રાજભોગ સહિતના લાઈવ દર્શન થાય તેવી વ્યવસ્થા તંત્રએ ગોઠવવી જોઈએ તેવી માંગણી માઈ ભક્તો દ્વારા થઈ રહી છે.



બાપાને બાપુના સાદર વંદન... ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શ્રી કેશુબાપાના ૯૩માં જન્મદિવસે પ્રણામ પાઠવતા શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાની તસવીર...

# આદીવાડા દંતાણી વાસમાંથી વિદેશી દારૂની ૪૭ બોટલ ઝડપાઈ

### સેક્ટર-૮ ચર્ચ પાસે બાઈક પર થેલામાંથી દારૂની ૧૨ બોટલ જપ્ત

ગાંધીનગર શહેરમાં સમાવેશ આદિવાડા ગામના દંતાણી વાસમાંથી પોલીસે વિદેશી દારુ પકડી પાડ્યો હતો. દંતાણી વાસ ખાતે રહેતી મહિલા રેખા અશ્વિન દંતાણીના ઘરેથી દારૂની ૪૭ બોટલ પોલીસે પકડી પાડી હતી. પોલીસે રૂ.૨૮,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી મહિલા સામે પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ગતરોજ સાંજના સુમારે આદિવાડા ગામે દંતાણી વાસ ખાતે મહિલા પોતાના ઘર પાસે પ્લાસ્ટીના થેલામાં દારુની બોટલ સાથે મળી આવ્યા હતા.જેથી પોલીસે ઘરની ઓસરીમાં તપાસ કરતા ટાઈલ્સની નીચેથી બીજો વધુ દારુનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસને આદીવાડાથી ૪૭ બોટલ મળી આવી હતી. પોલીસે રૂ.૨૮,૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જયારે બીજા બનાવમાં ગુરુવારના રોજ સેકટર-૮ ના ચર્ચ પાસેથી જી.જે.૧૮.સી.કે.-૧૪૫૫ નંબરના બાઈક સાથે યુવકને પકડી પાડ્યો હતો. પોલીસે બાઈક પર ભરાવેલા થેલામાં તપાસ કરતા ૧૨ બોટલ વિદેશી દારુ મળી આવ્યો હતો. પોલીસે અમિયાપુર ગામના નરેશ ગોબરજી ઠાકોરની ધરપકડ કરી હતી. પોલીસે ૫૪૦૦ની કિંમતની દારુની ૧૨ બોટલ, ૧ પોન અને બાઈક મળી કુલ રૂ.૩૦,૪૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી યુવક પાસે પ્રોહિ એકટ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# મહિલાઓ માટે વન સ્ટોપ સેન્ટર યોજના અંગે લોક જાગૃતિ જરૂરી : કુલદીપ આર્ય

જિલ્લા કલેકટરશ્રી કુલદીપ આર્યએ આજે મળેલ ટાસ્ક ફોર કમિટીની બેઠકમાં અનુરોધ કર્યો હતો કે મહિલા સુરક્ષા માટેની વન સ્ટોપ (સખી) સેન્ટર યોજના અંગે લોકોમાં જાગૃતિ લાવવાની ખુબ જ આવશ્યકતા છે.

સમાજની મહિલાઓને આ યોજનાની જાણકારી મળશે તો તેઓ વધારે સુરક્ષિત બનશે તેમજ અને સલામતિની મદદ મેળવી શકશે. આ યોજનાનો હેતુ હિંસાથી પીડિત કોઈપણ કિશોરી/મહિલાને એક જ સ્થળેથી તેને જરૂરી હોય તેવી તમામ સુવિધાઓ પુરી પાડવાનો છે. સખી કેન્દ્ર દ્વારા હિંસાથી પીડિત કિશોરીઓ/મહિલાઓને તાત્કાલિક તબીબી સારવાર, આશ્રય, કાયદાકીય સહાય તથા પરામર્શ જેવી સેવાઓ પુરી પાડવામાં આવે છે.

આ યોજનાનો લાભ કુટુંબની અંદર, ખાનગી કે જાહેર સ્થળો પર, સમુદાય સ્તરે અથવા કાર્યના સ્થળે હિંસાનો ભોગ બનેલ કોઈપણ કિશોરીઓ/મહિલા લઈ શકે છે. ખાસ કરીને એવી કિશોરીઓ / મહિલાઓ કે જેઓ શારીરિક હિંસા, માનસિક હિંસા, જાતિગત હિંસા, ભાવનાત્મક હિંસા, ઘરેલુ હિંસા, કિશોરીઓ /મહિલાઓનો અનૈતિક દેહવ્યાપાર, જાતીય સતામણી કે ડાકણપ્રથાનો ભોગ બન્યા હોય તે આ યોજનાનો લાભ લઈ શકે છે.

ગાંધીનગર જિલ્લામાં આ વન સ્ટોપ સેન્ટરનું મકાન/સિવિલ હોસ્પિટલ નજીક ઉભુ થાય તે માટે તેમણે જમીન ફાળવવા તત્પરતા પણ દર્શાવી હતી. મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રીએ વધુ માહિતી આપતાં જણાવ્યું કે, કોઈપણ હિંસા કે જેનાથી મહિલાની સુરક્ષાને ભય હોય તેવા કિસ્સાઓમાં "One Stop Center(OSC)" સખી યોજના દ્વારા ખાસ સેવાઓ અને સુવિધાઓ એક જ સિંગલ વિન્ડો (છત્ર) હેઠળ પૂરી પાડવામાં આવે છે. સમાજના તમામ વર્ગો, જાતિ, જ્ઞાતિ, ક્ષેત્ર, વૈવાહિક દરજ્જો, શૈક્ષણિક લાયકાત અને સાંસ્કૃતિક તફાવતને ધ્યાનમાં લીધા વગર તમામ કિશોરીઓ/મહિલાઓને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

"One Stop Center (OSC)" સખી યોજના ના કેન્દ્રમાં આવેલ કોઈપણ કિશોરી/મહિલાને કોઈપણ સ્થળ પર જવા આવવા માટે વાહનની સુવિધા પણ પુરી પાડવામાં આવે છે. ઉપરાંત હિંસાથી અસરગ્રસ્ત મહિલાના તાત્કાલિક બચાવ અને તેને સુરક્ષિત સ્થાન પર પહોંચાડવા માટે ૧૮૧ મહિલા અભયમ્ હેલ્પલાઈનની વાનની પણ મદદ લેવામાં આવે છે.

# CCC/CCC+ પરીક્ષા પાસ કરવાની સમયમર્યાદા ૩૦મી ડિસેમ્બર સુધી લંબાવાઈ

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારના અધિકારીઓ-કર્મયોગીઓ માટે સંવેદનાસ્પર્શી અભિગમ દર્શાવતાં આવા કર્મયોગીઓને બઢતી-ઉચ્ચત્તર પગાર ધોરણ માટે આવશ્યક CCC/CCC+ પરીક્ષા પાસ કરવાની સમયમર્યાદા તા.૩૧ ડિસેમ્બર-૨૦૨૦ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.

રાજ્ય સરકાર દ્વારા આ ફરજિયાત કોમ્પ્યુટર ટેસ્ટ ૨૦૦૭ ના વર્ષથી દાખલ કરવામાં આવેલી છે અને તે પાસ કરવાની હાલની સમયમર્યાદા ૩૦-૪-૨૦૧૬ હતી.

મુખ્યમંત્રી સમક્ષ ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષક સંઘ તેમજ અન્ય કર્મચારી મંડળોએ કરેલી રજૂઆતનો સાનૂકુળ પ્રતિસાદ આપતાં તેમણે આ મૂદત લંબાવવાનો સંવેદનશીલતાભર્યો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના CCC અને CCC+ પરીક્ષા પાસ કરવાની મૂદત લંબાવવાના આ કર્મયોગી હિતકારી નિર્ણયને પરિણામે જે કર્મચારીઓ ૧૯૭૫ થી ૧૯૮૫ દરમ્યાન રાજ્ય સેવામાં ભરતી થયેલા છે અને હાલ નિવૃતિના આરે છે તેવા કર્મયોગીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ તેમજ તેને સંલગ્ન પેન્શન લાભ પણ મળતા થશે.

વિજયભાઈ રૂપાણીએ રાજ્ય સરકારના કર્મયોગી-અધિકારીઓ માટે CCC/CCC+ પરીક્ષા પાસ કરવાની મૂદત તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી લંબાવવાના કરેલા આ કલ્યાણકારી નિર્ણયથી હજારો વિવિધ વિભાગો-સંવર્ગના અનેક કર્મયોગીઓ/અધિકારીઓને લાભ થશે.



## મહુન્દ્રા ગામમાંથી જુગાર રમતા પાંચ શકુની ઝડપાયા

ચિલોડા નજીક આવેલા મહુન્દ્રા ગામની સીમમાં જુગાર રમતો હોવાની બાતમી મળી હતી. જેને પગલે ચિલોડા પોલીસે મહુન્દ્રા ગામના હાર્દિક રામાભાઈ પટેલના બોરકુવા પર આવેલી ઓરડીની નજીક જુગાર રમાય છે. જેથી પોલીસે સ્થળ પર જઈને જુગાર રમતા ઈસનપુર મોટા ગામના હાર્દિક રામાભાઈ પટેલ (ઉં.૨૯), જીતુભાઈ પશાભાઈ પટેલ (ઉં.૫૫), પ્રિતેશ ભરતભાઈ પટેલ (ઉં.૩૦), રોનક જીતુભાઈ પટેલ (ઉં.૨૭), આશિષ ભરતભાઈ પટેલ, (ઉં.૨૭)ને પકડી પાડ્યા હતા. પોલીસે ઘટના સ્થળ પરથી રૂ.૧૦,૧૮૦ રોકડા તેમજ રૂ.૧૬ હજારની કિંતમના ૩ મોબાઈલ મળીને કુલ રૂ. ૨૬, ૧૮૦ નો મુદ્દામાલ કબ્જે કરી ચિલોડા પોલીસે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગરને સ્વચ્છ રાખવા માટે અનેક પ્રયત્નો કરવામાં આવે છે. ઠેર ઠેર કચરાપેટીઓ મુકવામાં આવી છે. આ ઉપરાંત સફાઈ કર્મચારીઓ પણ શહેરની સફાઈ કરે છે. જોકે કચરો કચરાપેટીમાં જ નાંખવો તેવી સીવીક સેન્સનો હજુ આપણામાં અભાવ જોવા મળે છે. કચરાપેટીની આસપાસ જ એટલો બધો કચરો પડ્યો હોય છે કે ત્યાંથી પસાર પણ થઈ શકાતુ નથી. ખબર નહી આપણી આવી કુટેવો ક્યારે સુધરશે.

# જિલ્લા ટાસ્ક ફોર્સ સમિતિની બેઠક યોજાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ગાંધીનગર અને કલોલ તાલુકામાં જે ગામ અને શહેર વિસ્તારમાં જયાં દિકરી જન્મદર નીચો હોય તેવા તમામ વિસ્તારોમાં બેટી બચાવો, બેટી પઢાઓ અભિયાન હેઠળ વિવિધ કાર્યક્રમો યોજવા માટે આજરોજ ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ ટાસ્ક ફોર્સ સમિતીની બેઠકમાં જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી ડૉ. કુલદીપ આર્યએ વધુમાં જણાવ્યું હતું કે, ગાંધીનગર જિલ્લામાં બેટી બચાવો બેટી પઢાવો યોજનાનું પરિણામલક્ષી અમલીકરણ થાય તે માટે ગાંધીનગર જિલ્લાના ચાર તાલુકામાં પ્રાંત અધિકારીશ્રીની અધ્યક્ષતામાં બ્લોક લેવલની ટાસ્ક ફોર્સ સમિતિની રચના કરવા માટે પણ ભારપુર્વક જણાવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જિલ્લામાં દીકરી જન્મદરને પ્રોત્સાહન આપવા માટે સ્થાનિક એન.જી.ઓ. તેમજ વિવિધ વિભાગો સાથે સંકલન કરી બેટી બચાવો બેટી પઢાવો યોજનાનું અસરકારક અમલીકરણ થાય તે માટે પણ વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા પણ સૂચના આપી હતી.

આ બેઠકમાં મહિલા અને બાળ અધિકારી શ્રી એન.જે.ગામી દ્વારા રજૂ કરવામાં આવેલા અહેવાલ મુજબ આ યોજના અંતર્ગત વર્ષ- ૨૦૧૯- ૨૦ ના વર્ષમાં તાલુકા અને જિલ્લા કક્ષાએ ૩૧ જન જાગૃતિના કાર્યક્રમો, સિવિલ હોસ્પિટલ, ગાંધીનગર, તાલુકાની સી.એચ.સી તથા પી.એચ.સી અને ડોર ટુ ડોર કુલ-૫૮૦ દિકરી વધામણા કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ તાલુકા અને જિલ્લા કક્ષાએ કિશોરી મેળા પાંચ યોજવામાં આવ્યા હતા. આ મેળા થકી કલોલ તાલુકામાં ૧૫૦, દહેગામ તાલુકામાં ૨૦૦, માણસા તાલુકામાં ૧૫૦ અને ગાંધીનગર તાલુકામાં ૩૩૪ મળી કુલ- ૮૩૪ જિલ્લામાં હાઈજીન કિટનું વિતરણ કરવામાં આવ્યું છે.

આ બેઠકમાં બેટી બચાવો બેટી પઢાવો યોજના અંતર્ગત વર્ષ – ૨૦૨૦-૨૧ માટે ભારત સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લામાં મંજૂર કરવામાં આવેલ એકશન પ્લાન રજૂ કરવામાં આવ્યો હતો.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી શાલિની દુહાન સહિત સંબંધિત કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ગુજકેટની પરીક્ષા માટે ૭ ઓગષ્ટ સુધી આવેદનપત્ર ભરી શકાશે

ગાંધીનગર તા ૨૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી તા ૨૪ ઓગષ્ટના રોજ ગુજકેટની પરીક્ષા લેવામાં આવનાર છે. જયારે આ અન્વયે માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ઉમેદવારોને આવેદનપત્ર ભરવા માટે ૩૧ જુલાઈ સુધીની તારીખ નિયત કરવામાં આવી હતી જયારે હવે માધ્યમિક શિક્ષણ બોર્ડે આ તારીખમાં ફેરફાર કરીને આવેદનપત્ર ભરવા માટેની સમયમર્યાદા તા ૭ ઓગષ્ટ સુધી લંબાવામાં આવી છે.ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ ડી એસ પટેલે આ અંગે જણાંવ્યા મુજબ વિજ્ઞાન પ્રવાહના ડીગ્રી એન્જિનિયરીંગ અને ફાર્મસીમાં અભ્યાસ મેળવવા માટે ગુજરાતના કોમન એન્ટ્રસ ટેસ્ટ ગુજકેટ - ૨૦૨૦ની પરીક્ષા તા ૨૪ ઓગષ્ટના રોજ લેવાશે. જયારે બાકી રહી ગયેલા હોય તેવા ઉમેદવારોને તા ૩૧ જુલાઈ સુધી બોર્ડની વેબાસાઈટ અથવા આવેદનપત્ર ભરવા માટેની તારીખ નિયત કરવામાં આવી હતી જયારે વિવિધ રજુઆતોને ધ્યાને લઈ હવે બોર્ડ દ્વારા આવેદનપત્ર ભરવા માટેની સમયમર્યાદામાં તા ૭ ઓગષ્ટ સુધીની મુદત લંબાવામાં આવી છે.

# જિલ્લામાં ઓનલાઈન ભરતીમેળા થકી રોજગાર

રોજગારવાછું યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તેવા ઉમદા આશયથી વર્ચુઅલ એટલે કે ઓનલાઈન ભરતીમેળાઓનું આયોજન જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી સમયમાં કરવામાં આવનાર છે. ગાંધીનગર જીલ્લાના ઔધોગિક ઉત્પાદનલક્ષી એકમો, સેવાકીય પ્રવૃત્તિ ધરાવતા એકમો, લેબર તથા મેનપાવર કોન્ટ્રાક્ટર, ખાનગી પ્લેસમેન્ટ/રીક્રુટમેન્ટ એજન્સીઓએ પોતાના એકમોમાં ખાલી પડેલ જગ્યાઓ સી.એન.વી ફોર્મ દ્વારા જીલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગરને - dee-gnr@gujarat.gov.in પર ઈ-મેઈલના માધ્યમથી આવી વેકેન્સી નોટીફાઈડ કરાવવાની રહેશે. ઐધોગિક એકમોએ મેનપાવરની જરૂરિયાત પ્રમાણે માંગણીપત્ર મોકલી આપવાના રહેશે. તેમજ આવનાર સમયમાં ઉમેદવારોના રજીસ્ટ્રેશન માટેની - https://forms.gle/FsmBYv5tDAUprvnu7 આ લિંક બનાવવામાં આવી છે, જેમાં રોજગારવાન્છું યુવાનોને મોટા પ્રમાણમાં રજીસ્ટ્રેશન કરી.તા. ૨૮/૭/૨૦, ૨૯/૭/૨૦,અને ૩૦/૭/૨૦ના રોજ ઓનલાઈન રોજગાર ભરતી મેળાનો લાભ લેવા જણાવવામાં આવે છે. ઓનલાઈન રોજગાર ભરતી મેળામાં નોકરીદાતાઓ અને રોજગારવાછું ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવે છે.

શ્રાવણ માસ શરૂ થઈ ગયો છે. સાથે જ એકટાણાં અને ઉપવાસ પણ શરૂ થઈ ગયા છે. શ્રાવણ માસના ઉપવાસ શરૂ થાય એટલે ફરાળી વાનગીઓની બોલબાલા વધે. જાતભાતની ફરાળી વાનગીઓથી ફરસાણ માર્ટ ઉભરાવા માંડે. જો કે આ વખતે બધા જ ક્ષેત્રોની જેમ ફરસાણ અને મીઠાઈઓના માર્કેટને પણ કોરોનાનું ગ્રહણ લાગ્યું છે. ફરાળી વાનગીની ખરીદીમાં અડધો અડધ જેટલો ઘટાડો થયો છે. ફરાળી વાનગીઓ હવે લોકો બહારથી ખરીદવાના બદલે ઘરે જ બનાવવાનું પસંદ કરી રહ્યા છે.

